# બાજખેડાવાળ પત્રિકા

## बाजखेडावाल पत्रिका Bajkhedawal Patrika


વર્ષ : ૧૪ | ૨૦૨૦ : જૂન
અંક : ૩ | આજીવન : રૂ. ૧૦૦૦/–


**: તંત્રી :**


**શ્રી મહાવીરપ્રસાદ એમ. દેસાઈ**

"શ્રી બ્રહ્મધામ", મહિલા સ્વામિનારાયણ મંદિર પાસે,

મહુધા–૩૮૭૩૩૫ ફોન : ૦૨૬૮–૨૫૭૨૦૪૪


**: પ્રકાશક :**


**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા**

**શ્રી વિદ્યાબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી ભવન**

૧–૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂ), અમદાવાદ–૮

મોબાઈલ નંબર : ૭૫૭૩૯૭૮૪૭૭

કાર્યાલયનો સમય સવારે : ૧૦.૩૦ થી ૫.૩૦

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા

### પત્રિકાના આજીવન સભ્ય રૂા. ૧૦૦૦/–

| | | | |
|---|---|---|---|
| ૧. | નિતેશ એમ. શેલત | વારાણસી | ૪૬૩૨ |
| ૨. | સીમાબેન કે. ભટ્ટ | આણંદ | ૪૬૩૩ |
| ૩. | ડો. મનોજ કરૂણશંકર પંડ્યા | અમદાવાદ | ૪૬૩૪ |
| ૪. | કલ્પનાબેન નરેન્દ્રરાય દવે | અમદાવાદ | ૪૬૩૫ |
| ૫. | વિક્રમભાઈ શંકરલાલ પંડ્યા | વડોદરા | ૪૬૩૬ |

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના

### વિશિષ્ટ સહાય ફંડના દાતાશ્રીઓ

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી બાજ. કેળવણી અને સંસ્કૃતિક મંડળ<br>શ્રી પ્રાણશંકરભાઈ હોલ, કાંકરીયા, અમદાવાદ | અમદાવાદ | રૂ. ૧૫૫૧/– |
| ૨. | શ્રી મંજુલાબેન ઈન્દ્રવદન પંડ્યા | યુ.એસ.એ. | રૂ. ૧૧૦૦/– |
| ૩. | શ્રી હરિશકુમાર દયાશંકર દવે | અમદાવાદ | રૂ. ૭૫૦૦/– |
| ૪. | શ્રી સુરેન્દ્રપ્રસાદ બાપાલાલ જોષી | ઉમરેઠ | રૂ. ૧૫૫૧/– |
| ૫. | શ્રી પ્રશાંતભાઈ જે. પંડ્યા | અમદાવાદ | રૂ. ૨૦૦૦/– |

## શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી.–અમદાવાદ

### વિદ્યોતેજક ફંડના દાતાશ્રી

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી ઈન્દુમતીબેન ગીરીશભાઈ પંડ્યા | યુ.એસ.એ. | રૂ. ૧૫૦૦/– |

### અવસાન નોંધ

- ઉમરેઠ નિવાસી – હાલ ડાકોર અશક્તાશ્રમમાં રહેતા અમારા માતૃશ્રી સુમનબેન મોહનલાલ ભટ્ટ તા. ૧૬–૧–૨૦૨૦ રોજ દેવલોક પામ્યા છે. પરમ કૃપાળુ પરમાત્મા તેમના આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના સાથે સુધાબેન પંડ્યા, હર્ષાબેન પંડ્યા, નીતાબેન ભટ્ટ, રીટાબેન દવે તથા દિપુબેન દવે તરફથી પત્રિકાને રૂ. ૧૫૧/– સ્મૃતિ ભેટ મળેલ છે.
- મહેળાવ નિવાસી અ.સૌ. ભારતીબેન પ્રભુદાસ દવે તા. ૨૨–૦૨–૨૦૨૦ના રોજ લંડન મુકામે અક્ષરનિવાસી થયાં છે. સદ્ગતનાં આત્માને મહારાજ સ્વામી શાંતિ આપે તેવી પ્રાર્થના. તેમનાં પરિવારમાંથી પ.પૂ. શ્રી પ્રભુદાસ સી. દવે તથા શ્રી ધર્મેશકુમાર પ્રભુદાસ દવે તરફથી પત્રિકાને રૂ. ૩૦૧/– સ્મૃતિભેટ મળેલ છે.
- સ્વ. હરિવદન સી. ત્રિવેદીના વડીલબંધુ શ્રી ભાનુપ્રસાદ (સાધુરામ) ત્રિવેદીનું ઉમરેઠ મુકામે તા. ૨૬–૦૫–૨૦૨૦ના રોજ દેવલોક પામ્યા છે. તે નિમિત્તે પત્રિકાને ત્રિવેદી પરિવાર તરફથી રૂ. ૨૫૧/– સ્મૃતિભેટ મળેલ છે.
- સોજીત્રા નિવાસી પ.પૂ. પિતાશ્રી ભગવતપ્રસાદ ઉમીયાશંકર દવે તા. ૦૮–૦૪–૨૦૨૦ બુધવારના રોજ દેવલોક પામેલ છે. પ્રભુ તેમના આત્માને શાંતિ આપે. સદ્ગતના આત્માના સ્મરણાર્થે તેમના પરિવાર તરફથી રૂ. ૨૫૧/– પત્રિકાને સ્મૃતિ ભેટ આપવામાં આવે છે.
- મૂળ ઉમરેઠ હાલ અમદાવાદ નિવાસી શ્રી મહેન્દ્રભાઈ શાંતિલાલ દવે તા. ૨૦–૦૫–૨૦ના રોજ અક્ષરનિવાસી થયેલ છે. તેમના પરિવાર તરફથી રૂ. ૧૦૧/– સ્મૃતિભેટ મળેલ છે.
- મહેળાવ નિવાસી અ.સૌ. ભારતીબેન પ્રભુદાસ દવે તા. ૨૨–૦૨–૨૦૨૦ના રોજ લંડન મુકામે અક્ષરનિવાસી થયા છે. સદ્ગતના આત્માને મહારાજ સ્વામી શાંતિ આપે તેવી પ્રાર્થના. તેમનાં પરિવારમાંથી પ.પૂ. શ્રી પ્રભુદાસ સી. દવે તથી શ્રી ધર્મેશકુમાર પ્રભુદાસ દવે તરફથી પત્રિકાને રૂ. ૩૦૧/– સ્મૃતિભેટ મળેલ છે.

# તંત્રી લેખ...

## શ્રીમદ ભગવદ ગીતા : અધ્યાય-૧૦, વિભૂતિયોગ

*શ્રી ભગવાને અર્જુનને કહ્યું, મારામાં અતિશય પ્રેમભાવ રાખનાર તને, હું તારા હિતની ઈચ્છાથી મારા પરમ રહસ્ય તેમજ પ્રભાવને દર્શાવનાર વચનો તને કહું છું. મારી ઉત્પતિ એટલે કે અવતાર ધારણ કરવાની અલૌકિક લીલાને દેવતાઓ કે મહર્ષિઓ પણ નથી જાણતા, કેમકે હું સર્વ રીતે દેવતાઓનું અને મહર્ષિઓનું પણ આદિ કારણ છું. જે મને અજન્મા એટલે કે વાસ્તવમાં જન્મ વિનાનો, અનાદિ અને સર્વ લોકોનો મહાન ઈશ્વર તત્વથી જાણે છે, બધાયે માણસોમાં એ જ્ઞાની માણસ, સર્વે પાપોથી છૂટી જાય છે. નિશ્ચય કરવાની શક્તિ, યથાર્થ જ્ઞાન, અસંમૂઢતા, ક્ષમા, સત્ય, ઈન્દ્રિયોને વશમાં રાખવી, મનનો નિગ્રહ તેમજ સુખ-દુ:ખ, ઉત્પત્તિ-પ્રલય અને ભય-અભય તથા અહિંસા, સમતા, સંતોષ, તપ, દાન, કીર્તિ અને અપકીર્તિ જેવા પ્રાણીઓના આવા વિવિધ પ્રકારના ભાવો મારાથી જ થાય છે.*

*સાત મહર્ષિજનો, ચાર એમની પણ પૂર્વ થયેલા સનક આદિ તથા સ્વાયંભુવ આદિ ચૌદ મનુઓ જેવા મારામાં ભાવ રાખનારા આ બધાય મારા જ સંકલ્પથી જન્મેલા છે. જેમની સંસારમાં આ સઘળી પ્રજા છે. જે માણસ મારી આ પરમ ઐશ્વર્યસ્વરૂપ વિભૂતિને અને યોગ શક્તિને તત્વથી જાણે છે, એ નિશ્ચલ ભક્તિયોગથી યુક્ત થઈ જાય છે એમાં લેશમાત્ર પણ શંકા કે સંશય નથી. હું વાસુદેવ જ આખાયે જગતની ઉત્પત્તિનું કારણ છું અને મારાથી જ સમગ્ર જગત ચેષ્ટા કરે છે, આ પ્રમાણે સમજીને શ્રદ્ધા અને ભક્તિ રાખનારા બુદ્ધિમાન ભક્તો મુજ પરમેશ્વરને જ નિરંતર ભજે છે. નિરંતર મારામાં જ મન પરોવી રાખનારા અને મારામાં જ પ્રાણને અર્પણ કરી રાખનારા ભક્તજનો, જે મદગતપ્રાણા તરીકે ઓળખાય છે, એ મારી ભક્તિની ચર્ચા દ્વારા પરસ્પર મારા પ્રભાવને ઓળખાવતા તથા ગુણ અને પ્રભાવસહિત મારું કઠણ કરતા જ નિત્ય-નિરંતર સંતોષી રહે છે અને મુજ વાસુદેવમાં જ નિરંતર રમ્યા કરે છે. નિરંતર મારા ધ્યાન ઈત્યાદિમાં પરોવાયેલા અને મને અતિ પ્રેમથી ભજનારા એ ભક્તોને હું એવો ઉત્તમ તત્ત્વજ્ઞાનરૂપી યોગ આપું છું કે એનાથી એ ભક્તો સર્વદા મને જ પામે છે. એમના ઉપર અનુગ્રહ કરવા માટે, એમના અંત:કરણમાં રહેલા હું પોતે જ, એમના અજ્ઞાનજનિત અંધકારને, ઝળહળતા તત્વજ્ઞાનરૂપી દીપક દ્વારા સમૂળા નષ્ટ કરી દઉં છું.*

*શ્રી ભગવનનાં આવાં સુવચનો સાંભળી અર્જુને કહ્યું, આપ પરમ બ્રહ્મ, પરમ ધામ અને પરમ પવિત્ર છો, કેમ કે આપને સમસ્ત ઋષિજનો, સનાતન, દિવ્ય પુરુષ, દેવોના પણ આદિદેવ, અજન્મા અને સર્વવ્યાપી કહે છે. એવું જ દેવર્ષિ નારદ, અસિત અને દેવલ ઋષિ તથા મહર્ષિ વ્યાસ પણ કહે છે, અને વળી આપ પોતે પણ મને એમ જ કહો છો, જે કંઈ પણ મને આપ સ્વમુખે જ કહી રહ્યા છો, એ સઘળું હું સત્ય માનું છું. આપના લીલામય સ્વરૂપને નથી તો દેવો જાણતા કે નથી દાનવો પણ જાણતા, હે દેવાધિદેવ, સઘળાયે ભૂતોના સર્જનહાર, ભૂતોના ઈશ્વર, જગત આખાયના સ્વામી, પુરુષોત્તમ, આપ પોતે જ પોતાના વડે પોતાને જાણો છો. માટે*

આપ જ પોતાની એ દિવ્યાતિદિવ્ય વિભૂતિઓને સંપૂર્ણપણે કહેવા સમર્થ છો, જે થકી આપ આ સકળ લોકમાં વ્યાપ્ત છો. હું ક્યા પ્રકારે નિરંતર ચિંતન કરતો આપને જાણી શકું અને આપ ક્યા ક્યા ભાવોમાં મારા વડે ચિંતન કરવા યોગ્ય છો એ મને જણાવવા, હે જનાર્દન આપની યોગશક્તિને અને સઘળી વિભૂતિઓને હજી પણ વિસ્તારથી મને કહો. આપનાં અમૃત જેવાં મીઠા વચનો સાંભળતા મને તૃપ્તિ થતી જ નથી, મારી ઉત્કંઠા હજીયે હરક્ષણ વધતી જ જાય છે, એની તૃપ્તિ કરો.

હે કુરુશ્રેષ્ઠ સાંભળ મારા વિસ્તારનો તો અંત નથી એ અનંત છે. હું જે મારી દિવ્ય વિભૂતો છે એમાંથી મુખ્ય મુખ્યરૂપે તને કહું છું હું સઘળાં ભૂતોનાં હૃદયમાં રહેલા સૌનો આત્મા છું. હું જ સર્વ ભૂતોનો આદિ, મધ્ય અને અંત પણ છું. અદિતિના બાર પુત્રોમાં વિષ્ણુ અને જ્યોતિઓમાં અંશુમાલી સૂર્ય, ઓગણપચાસ વાયુદેવતાઓનું તેજ અને સઘળાયે નક્ષત્રોનો અધિપતિ ચંદ્રમાં પણ હું જ છું. હું જ વેદોમાં સામવેદ, દેવોમાં ઈન્દ્ર, ઈન્દ્રિયોમાં મન અને પ્રાણીઓની ચેતના એટલે કે જીવનશક્તિ છું. અગિયાર રુદ્રોમાં શંકર, યક્ષ અને રાક્ષસોમાં ધનપતિ કુબેર, આઠ વસુઓમાં અગ્નિ અને શીખરોવાળા પર્વતોમાં મેરુ પર્વત હું જ છું. પુરોહિતોમાં મુખ્ય બૃહસ્પતિ, સેનાપતિઓમાં સ્કંદ અને જળાશયોમાં સમુદ્ર હું છું. મહર્ષિઓમાં ભૃગુ, અર્થબોધક શબ્દોમાં એકાક્ષર ૐ કાર, સર્વ પ્રકારના યજ્ઞોમાં જપયજ્ઞ અને સઘળાં સ્થાવરોમાં હિમાલય હું છું. સઘળાં વૃક્ષોમાં પીપળાનું વૃક્ષ, દેવર્ષિઓમાં નારદ મુનિ, ગંધર્વોમાં ચિત્રરથ અને સિદ્ધોમાં કપિલમુનિ હું છું. અશ્વોમાં અમૃતની સાથે ઉદ્ભવેલો ઉચ્ચઈશ્રવા નામનો અશ્વ, ગજેન્દ્રોમાં ઐરાવત નામનો હાથી અને મનુષ્યોમાં રાજા તું મને જાણ. હું જ શસ્ત્રોમાં વ્રજ, ગાયોમાં કામધેનું, શાસ્ત્રોક્ત પ્રમાણે સંતાનની ઉત્પત્તિનો જે હેતુ છે એ કામદેવ અને સર્પોમાં સર્પરાજ વાસુકી છું. નાગોમાં શેષનાગ, જળચરોની અધિપતિ વરુણદેવતા, પિતૃઓમાં ઉત્તમ અર્યમા નામક પિતૃ અને શાસન કરનારાઓમાં યમરાજ હું જ છું. હું દૈત્યોમાં પ્રહલાદ અને ગણના કરનારાઓનો સમય તેમજ પશુઓમાં મૃગરાજ સિંહ અને પક્ષીઓમાં ગરુડ છું. હું પાવન કરનારાઓમાં વાયુ અને શસ્ત્રધારીઓમાં શ્રીરામ, માછલીઓમાં મગર અને નદીઓમાં શ્રી ભાગીરથી ગંગાજી છું..

સૃષ્ટિઓનો આદિ, અંત તથા મધ્ય પણ હું છું, વિદ્યાઓમાં અધ્યાત્મવિદ્યા એટલે કે બ્રહ્મ વિદ્યા અને પરસ્વર વાદ કરનારાઓનો તત્વનિર્ણયને માટે કરવામાં આવતો વાદ પણ હું જ છું. હું અક્ષરોમાં અકાર અને સમાસોમાં દ્વંદ્વ નામનો સમાસ છું. અક્ષય કાળ એટલે કે કાળનોય મહાકાળ તથા સર્વ તરફ મુખ ધરાવનાર વિરાટસ્વરૂપે ધાતા અર્થાત્ સૌનું ધારણ-પોષણ કરનાર પણ હું જ છું. હું જ સૌનો સંહાર કરનાર મૃત્યુ અને ઉત્પન્ન થનારાઓની ઉત્પત્તિનો હેતુ છું તથા સ્ત્રીઓમાં કીર્તી, શ્રી, વાક, સ્મૃતિ, મેઘા, ધ્રુતી અને ક્ષમા છું. ગાઈ શકાય એવી શ્રુતિઓમાં બૃહત્ નામનો સામ તેમજ છંદોમાં ગાયત્રી છંદ હું જ છું. મહિનાઓમાં માગસર અને ઋતુઓમાં ઋતુરાજ વસંત હું છું. છળનારાઓમાં જુગાર તથા પ્રભાવશાળીઓનો પ્રભાવ હું જ છું. જીતનારાઓનો વિજય, નિશ્ચય કરનારાઓનો નિશ્ચય અને સાત્વિક માણસોનો સાત્વિક

ભાવ પણ હું જ છું. વૃશણીવંશીઓમાં વાસુદેવ એટકે હું પોતે તારો સખા, પાંડવોમાં ધનંજય એટલે કે તું, મુનિઓમાં વેદવ્યાસ અને કવિઓમાં શુક્રાચાર્ય કવિ પણ હું જ છું. દમન કરનારાઓનો દંડ અર્થાત દમન કરનારી શક્તિ છું, વિજય ઈચ્છનારાઓની નીતિ છું. ગુપ્ર રાખવા યોગ્ય ભાવોનું રક્ષણ કરનાર મૌન અને જ્ઞાનીજનોનું તત્વજ્ઞાન પણ હું જ છું. સમસ્ત ભૂતોની ઉત્પત્તિનું જે કારણ છે એ પણ હું જ છું, કેમકે એવું ચર કે અચર કોઈ જ પ્રાણી નથી. જે મારા વિનાનું હોય. હે પરંતપ ! મારી અપાર દિવ્ય વિભૂતિઓનો તો અંત જ નથી. મેં પોતાની વિભૂતિઓની આ વિસ્તાર તો તારા માટે એકદેશરૂપે એટલે કે અત્યંત ટૂંકમાં જ કહ્યો છે. જે જે પણ વિભૂતિયુક્ત એટલે કે ઐશ્વર્ય સંપન્ન, શોભાયુક્ત અને શક્તિયુક્ત પદાર્થ છે, એને એને તું મારા તેજના અંશની જ એક અભિવ્યક્તિ સમજ આથી વધારે જાણીને તારે શું કરવું છે ? સમગ્રતયા સારરૂપે તુ ંસમજી લે કે હું જ આ આખાય બ્રહ્માંડને પોતાની યોગ્ય શક્તિના એક અંશમાત્રથી ધારણ કરીને સ્થિત છું. આમ ઈશ્વર આપણી આસપાસ આવેલી હર એક વસ્તુ, હર એક પ્રાણી, હર એક જીવમાં, ચોમેર વ્યાપ્ત છે જ. એને માણવો અને અનુભૂત કરવો એ આપણા સૌની દૃઢ એષણા અન પ્રબળ ઈચ્છાશક્તિ તથા મનોબળ પર આધારિત છે.

– અસ્તુ

**સહતંત્રી – શ્રી જગતભાઈ દવે**
**શ્રી અ.ભા.બા.ખે.હિ. સભા, અમદાવાદ**

**: ખાસ નોંધ :**

કોરોના મહામારીની સ્થિતિમાં માર્ચ-૨૦૨૦, એપ્રિલ-૨૦૨૦ અને મે-૨૦૨૦ મહિનાની "બાજખેડાવાળ" પત્રિકા પ્રકાશિત કરી શકેલ નથી. જેની ખાસ નોંધ લેવી.

– તંત્રી મંડળ

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા - અમદાવાદ

**સુજ્ઞ જ્ઞાતિજનો....**

હાલની કોરોના ગ્રસ્ત પરિસ્થિતિથી આપણે સૌ વાકેફ છે. જાણે-અજાણે આના આર્થિક-માનસિક-શારિરીક ભોગ સૌ જ્ઞાતિજનો બન્યા છે. ક્ષીરજામ્બા માતાની અસીમકૃપાથી આપણે મહદ અંશે બાજખેડાવાળ જ્ઞાતિ સુરક્ષિત છે. આ કોરોનાગ્રસ્ત સમયમાં શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના ભૂતપૂર્વ પ્રમુખ અને હાલના ટ્રસ્ટી કે જેઓ સતત માત્ર ને માત્ર જ્ઞાતિના ઉત્કર્ષની અને જ્ઞાતિને આગળ વધારવાની જ વાતો જેમના હૈયે વસેલી છે તેવા શ્રી કિરીટકુમાર દવેનો ૧૮,એપ્રિલના રોજ મારી ઉપર ફોન આવેલ અને તેમણે જણાવેલ કે આપણા જ્ઞાતિસમાજની વિધવા-ત્યક્તા બહેનોને જે પ્રત્યેક માસે મદદ કરીએ છીએ તેમાં અણધારી આવી પડેલી પરિસ્થિતમાં મદદરૂપ થવા માટે ત્રણ માસ સુધી પ્રત્યેક વ્યક્તિને એક-એક હજાર રૂપિયા એટલે કે રૂ. ૩૦૦૦/- કુલ ૫૫ વ્યક્તિને ટોટલ રકમ રૂ. ૧,૬૫,૦૦૦/-ની જ્ઞાતિસમાજના આપણા જ્ઞાતિજનોને મદદરૂપ થવા માટેની એક અપિલ કરવી જોઈએ. જે વાતને મે અને મંત્રીએ સમર્થન આપ્યું અને શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના અમદાવાદ સ્થિત ઓફિસના મેનેજરશ્રી ભાવેશભાઈ દ્વારા અપિલ બહાર પાડવામાં આવી. જેને જ્ઞાતિજનો દ્વારા માત્ર બે કલાકમાં જ સુંદર પ્રતિસાદ મળ્યો અને રૂ. ૧,૬૫,૦૦૦/-ની માતબર રકમના દાનની જાહેરાતો થઈ. આ જ્યારે લખાઈ રહ્યું છે ત્યારે ૯૦% જેટલી રકમ સંસ્થા પાસે આવી ગયેલ છે. લોકડાઉનને કારણે બાકીના દાતાશ્રીઓ ટૂંક સમયમાં આ રકમ મોકલી આપશે. ટીપેટીપે સરોવર ભરાય તેમ રકમ ભેગી થઈ અને જરૂરીયાત મંદોને ચૂકવાઈ. આ સહાયનો પ્રથમ તબક્કો એટલે કે રૂ. ૧૦૦૦/- એપ્રિલ માસમાં તથા બીજો તબક્કો રૂ. ૨૦૦૦/-નો જૂન માસમાં ચૂકવાઈ ગયેલ છે.

આપને સૌને નાની લાગતી રકમ એ આ કપરા સંજોગોમાં સમાજીની જરૂરીયાત વ્યક્તિઓને વધારી આપી શક્યા જેને સવિશેષ ફાળો શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના ટ્રસ્ટીશ્રી કિરીટકુમાર દવેને જાય છે કારણ કે તેમણે પોતાનાથી શરૂઆત કરી રૂ. ૨૦,૦૦૦/-ની રકમ આપી.

સાથે સાથે આ તબક્કે શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના કારોબારી સભ્યશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ તથા જાગૃત જ્ઞાતિજનોનો આ તબક્કે અમો અહેસાનની લાગણી અનુભવીએ છીએ કે જેઓએ આ ભગીરથ કાર્યમાં અમોને દાન આપી મદદરૂપ થયા છે.

ભવિષ્યમાં આવો જ ઉત્કૃષ્ટ સહકાર મળશે તેવી અપેક્ષા સાથે.....

**નીચે મુજબની વિગતથી દાતાશ્રીઓ તરફથી દાન મળેલ છે.**

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી બાજ. એજ્યુકેશન સોસા. | વિદ્યાનગર | ૧૧,૦૦૦/- |
| ૨. | શ્રી કિરીટકુમાર દવે | આણંદ | ૧૦,૦૦૦/- |
| ૩. | નિરવભાઈ એમ. દવે | ગાંધીનગર | ૧૦,૦૦૦/- |
| ૪. | શ્રી વૈશાલીબેન એસ. દવે | અમદાવાદ | ૬,૦૦૦/- |
| ૫. | શ્રી રાજેશભાઈ દવે | આણંદ | ૫,૦૦૦/- |
| ૬. | શ્રી ભૂપેન્દ્રભાઈ ખંભોળજા | અમદાવાદ | ૫,૦૦૦/- |
| ૭. | શ્રી અરૂણભાઈ શેલત | અમદાવાદ | ૫,૦૦૦/- |
| ૮. | શ્રી જગતભાઈ દવે | આણંદ | ૫,૦૦૦/- |
| ૯. | શ્રી પ્રણવભાઈ જોષી | નડિયાદ | ૫,૦૦૦/- |
| ૧૦. | શ્રી જગદીશભાઈ દવે | મહેમદાવાદ | ૫,૦૦૦/- |

| | | | |
|---|---|---|---|
| ૧૧. | શ્રી શૈલેષભાઈ જોષી | અમદાવાદ | ૫,૦૦૦/– |
| ૧૨. | શ્રી સમીરભાઈ દવે (બન્ટી) | અમદાવાદ | ૫,૦૦૦/– |
| ૧૩. | શ્રી અનંતભાઈ પંડ્યા | આણંદ | ૫,૦૦૦/– |
| ૧૪. | શ્રી બાજ. મંડળ આણંદ | આણંદ | ૫,૦૦૦/– |
| ૧૫. | શ્રી એક સદ્‌ગૃહસ્થ તરફથી | નડિયાદ | ૫,૦૦૦/– |
| ૧૬. | શ્રી બિમલભાઈ એસ. શેલત | યુ.એસ.એ. | ૫,૦૦૦/– |
| ૧૭. | શ્રી અમુલભાઈ બી. ભટ્ટ | અમદાવાદ | ૫,૦૦૦/– |
| ૧૮. | શ્રી નીપાબેન ઠાકર | વડોદરા | ૫,૦૦૦/– |
| ૧૯. | શ્રી દિપકભાઈ શેલત | ઉમરેઠ | ૫,૦૦૦/– |
| ૨૦. | શ્રી હિમાંશુભાઈ પ્રદ્યુમનભાઈ ભટ્ટ | અમદાવાદ | ૫,૦૦૦/– |
| ૨૧. | શ્રી જયેશભાઈ રમણલાલ દવે | અમદાવાદ | ૫,૦૦૦/– |
| ૨૨. | શ્રી જ્ઞાતિજન તરફથી | અમદાવાદ | ૫,૦૦૦/– |
| ૨૩. | શ્રી કાંતિલાલ કોટડિયા | નડિયાદ | ૩,૦૦૦/– |
| ૨૪. | શ્રી પુષ્પાબેન એન. દવે | સુરત | ૩,૦૦૦/– |
| ૨૫. | શ્રી સુધીરભાઈ સુરેશચંદ્ર મહેતા | નડિયાદ | ૩,૦૦૦/– |
| ૨૬. | શ્રી બિપીનભાઈ જે. દવે | સોજીત્રા | ૩,૦૦૦/– |
| ૨૭. | સ્વ. સદ્‌ગુણાબેન ગજાનંદ પંડ્યા | અમદાવાદ | ૨,૫૦૦/– |
| ૨૮. | સ્વ. ગજાનંદ દેવશંકર પંડ્યા | અમદાવાદ | ૨,૫૦૦/– |
| ૨૯. | શ્રી કિરણભાઈ પંડયા | ગાંધીનગર | ૨,૦૦૦/– |
| ૩૦. | શ્રી મયૂરેશભાઈ દવે | અમદાવાદ | ૨,૦૦૦/– |
| ૩૧. | શ્રી ધ્રુવ હેમંતકુમાર ભટ્ટ | નડિયાદ | ૧,૦૦૦/– |
| ૩૨. | શ્રી ભોપીબેન સંજયભાઈ ભટ્ટ | અમદાવાદ | ૧,૦૦૦/– |
| ૩૩. | શ્રી શ્યામભાઈ ખંભોળજા | ડાકોર | ૧,૦૦૦/– |
| ૩૪. | શ્રી અનિલભાઈ ઠાકર | આણંદ | ૧,૦૦૦/– |
| ૩૫. | શ્રી તરલભાઈ ભટ્ટ | અમદાવાદ | ૧,૦૦૦/– |
| ૩૬. | શ્રી ખંજનભાઈ દણાંક | અમદાવાદ | ૧,૦૦૦/– |
| ૩૭. | શ્રી જયનાબેન દણાંક | અમદાવાદ | ૧,૦૦૦/– |
| ૩૮. | શ્રી રૂચિર દવે | આણંદ | ૧,૦૦૦/– |
| ૩૯. | શ્રી રિદ્ધિબેન દવે | આણંદ | ૧,૦૦૦/– |
| ૪૦. | શ્રી ધન્વીબેન દવે | આણંદ | ૧,૦૦૦/– |
| ૪૧. | શ્રી ધારીણીબેન દવે | આણંદ | ૧,૦૦૦/– |
| ૪૨. | શ્રી હરસુતાબેન દવે | અમદાવાદ | ૧,૦૦૦/– |
| ૪૩. | શ્રી દેવાંશીબેન દણાંક | અમદાવાદ | ૧,૦૦૦/– |
| ૪૪. | શ્રી શીવાંગીબેન ઠાકર | આણંદ | ૧,૦૦૦/– |
| ૪૫. | શ્રી રંજનબેન એમ. ભટ્ટ | અમદાવાદ | ૧,૦૦૦/– |
| ૪૬. | શ્રી ઈન્દ્રવદન સી. ઠાકર | અમદાવાદ | ૧,૦૦૦/– |
| ૪૭. | શ્રી ભરતભાઈ નલીનકાન્ત દવે | અમદાવાદ | ૧,૦૦૦/– |

**જગતભાઈ દવે** — **મંત્રી**

**રાજેશભાઈ દવે** — **પ્રમુખ**

## શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લિ., અમદાવાદ

### ખૂબ જ અગત્યની સૂચના

*શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લિના સભ્યોના બાળકો અથવા વિદ્યાર્થી પોતે સંસ્થાના સભાસદ હોય તેવા ધો. ૧૦, ધો. ૧૨ તથા કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓને સંસ્થા દ્વારા ટ્યુશન ફી આપવામાં આવે છે.*

*લાભ લેનાર વ્યક્તિ પોતે ૧૮ વર્ષ પૂર્ણ કરેલ હોય તો સભ્ય બની શકે છે. સભ્ય બનવા માટે જન્મનો દાખલો તથા રૂ. ૫૧૦/- રોકડા ભરેથી સભાસદ થઈ શકાય. જે તે હિસાબી વર્ષ દરમ્યાન થયેલા સભ્યને હિસાબી વર્ષ બાદના બીજા ત્રણ હિસાબી વર્ષ પછી આ લાભ મળશે.*

*દા.ત. ૧-૪-૨૦૧૯ થી ૩૧-૩-૨૦૨૦ સુધીના થનાર સભ્યોને ૩૧-૩-૨૦૨૩ પછી આ લાભ મળશે. (ટૂંકમાં સભાસદ થયેલ હિસાબી વર્ષના ત્રણ વર્ષ બાદ લાભ મળવાપાત્ર છે.)*

*શેરહોલ્ડર હોય તેવા સભ્યના બાળકો પૂરતી જ આ યોજના છે. પૌત્ર કે પૌત્રી, ભાણા કે ભાણીને આ લાભો આપવામાં આવતા નથી.*

**ચાલુ સાલે કોરોનાની પરિસ્થિતિને ધ્યાનમાં રાખી પરીક્ષાઓ લેવાઈ નથી આવા સંજોગોમાં આ વર્ષ પૂરતું ગઈ સાલની માર્કશીટ ઉપર ટ્યુશન ફી આપવાનું નક્કી કરેલ છે. જેમાં ચાલુ વર્ષે ફાઈનલ યર, ગ્રેજ્યુએટ અથવા પોસ્ટ ગ્રેજ્યુએટની પરીક્ષા આપવાની બાકી હોય તે લોકોએ આ અરજી કરવાની નથી. કારણ કે તેમનો અભ્યાસ પૂર્ણ થયેલ છે. આ તમામ સૂચનાઓ વાંચી અને માર્કશીટ મોકલવી જેથી અરજીઓ કેન્સલ થાય નહીં. સાથે સાથે શેર હોલ્ડર સર્ટીફિકેટ, પૂરૂં સરનામું તથા મોબાઈલ નંબર લખેલો હોવો જરૂરી છે. માહિતી પૂરી નહીં હોય અને અરજી કેન્સલ થશે તો માહિતી આપવામાં આવશે નહીં માટે પૂર્ણ વિગત સમજીને અરજી મોકલશો.**

*ઉપરોક્ત વિગતો તા. ૩૧-૦૭-૨૦૨૦ પહેલા મોકલી આપવાનું રહેશે ત્યારબાદની માર્કશીટ લેવામાં નહીં આવે. સમય મર્યાદા બહારની કોઈપણ અરજી નામંજૂર કરવાનો અબાધીત હક્ક સંસ્થાનો છે.*

**(ખાસનોંધ - અભ્યાસ પૂર્ણ થઈ ગયેલ વિદ્યાર્થીને આ લાભ આપવામાં આવશે નહીં) શિષ્યવૃત્તિની રકમના ચેક જે-તે શહેર/ગામની ઓફિસે અથવા જે-તે શહેર/ગામના પ્રમુખના ઘરે પહોંચાડવામાં આવશે. જેની માહિતી જે-તે શહેર/ગામ દ્વારા તમને મળશે. જેથી સંસ્થાની ઓફિસે ફોન કરવા નહીં. આ રકમના ચેક ૨૦-૦૮-૨૦૨૦ પહેલાં મોકલવામાં આવનાર નથી જેની ખાસ નોંધ લેશો.**

**પ્રણવભાઈ જોષી**
**મંત્રી**

**અરૂણભાઈ શેલત**
**પ્રમુખ**

**અને કારોબારી સભ્યોશ્રીઓ**

# શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી

દવે માણેકજી બેચરજી બાજખેડાવાળ છાત્રાલય, રાજેન્દ્ર માર્ગ, નાના બજાર, વલ્લભ વિદ્યાનગર–૩૮૮૧૨૦, તા. જી. આણંદ. (મો.) ૯૨૬૫૯૦૭૬૬૦

જય ભારત સાથે જણાવવાનું કે બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી દ્વારા ચાલુ સાલે બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટીના આજીવન સભ્યના બાળકો માટે કે જેની ઉંમર ૧૨ વર્ષ થી ૩૫ વર્ષ સુધીની હોય તેવા લોકો માટે ટ્રેકીંગ કેમ્પનું આયોજન કરેલ છે વહેલા તે પહેલાના ધોરણે આપ સમયસર સંસ્થાની ઓફિસે આવી નિયત રકમ ભરી રજીસ્ટ્રેશન કરાવી દેશો.

સંખ્યા વહેલા તે પહેલાના ધોરણે ૩૦ નામોનું રજીસ્ટ્રેશન કરવામાં આવશે. સંખ્યા થયા બાદ વધારાની વ્યક્તિ લેવામાં આવશે નહીં.

| | | |
|---|---|---|
| ટ્રેકીંગ સાઈટ | – | 'આબુ' (માઉન્ટ આબુ) રાજસ્થાન |
| તારીખ | – | ૨૦ થી ૨૩ નવેમ્બર, ૨૦૨૦ (૪ દિવસ ૩ રાત્રિ) |
| રજીસ્ટ્રેશન ફી | – | પ્રત્યે વ્યક્તિ દીઠ રૂ. ૪૦૦૦/– ભરવાના રહેશે. |

જે નોન રીફન્ડેબલ નોન ટ્રાન્સફરેબલ છે. ટ્રેકીંગ કેમ્પ વિદ્યાર્થી દ્વારા પુરો કરવામાં આવશે તો પરત આવતી વખતે રૂ. ૨૦૦૦/– પરત આપી દેવામાં આવશે ટુંકમાં કેમ્પમાં જોડાનારને જ આ રાહતનો લાભ આપવામાં આવશે.

| | | |
|---|---|---|
| પ્રસ્થાન | – | તા. ૨૦–૧૧–૨૦૨૦ સવારે ૩.૦૦ કલાકે છાત્રાલયથી ઉપડશે. |
| પરત | – | તા. ૨૩–૧૧–૨૦૨૦ સાંજે ૭.૦૦ કલાકે આબુથી ઉપડી રાત્રે ૧૨.૦૦ કલાકે છાત્રાલયે પરત આવશે. |

નોંધ – ટ્રેકીંગ કેમ્પ દરમ્યાન એક ટાઈમ ચા–નાસ્તો, બે ટાઈમ ભોજન, બપોરના ચા અથવા લીંબુ પાણી તથા જવા – આવવાની સગવડ રહેશે.

પ્રવાસ દરમ્યાન (ટ્રેકીંગ દરમ્યાન) થનાર કોઈ પણ અસાધારણ ઈજા કે દુર્ઘટના માટે આયોજક જવાબદાર રહેશે નહીં.

ખાસ નોંધ – ચાલુ સાલે સંસ્થાના આજીવન સભ્યો સિવાયના જ્ઞાતિજનોને જો આવવાનો રસ હોય તો રૂ. ૪૦૦૦/– પુરા ભરવાના રહેશે. ઉપરોક્ત તમામ રકમો બીજાના નામે ટ્રાન્સફર થશે નહીં કે પરત આપવામાં આવશે નહીં.

અનિવાર્ય સંજોગોને કારણે આપના તરફથી હાજર રહી શકો તેમ ન હોવ તો ટ્રેકીંગ કેમ્પની રકમ બીજાના નામે ટ્રાન્સફર થશે નહી કે પરત આપવામાં આવશે નહીં.

**ખાસ નોંધ – અસાધારણ સંજોગોમાં કોરોના વાઈરસને કારણે જો ટ્રેકીંગ કેમ્પ કેન્સલ થશે તો પૂરેપૂરી રકમ પરત આપવામાં આવશે.**

**કિરીટકુમાર દવે**
**મંત્રીશ્રી**

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૭૫૦૦/-ના દાતા
## શ્રદ્ધાંજલી


સ્વ. શ્રી મંગુપ્રસાદ દયાશંકર દવે


સ્વ. શ્રી ઈન્દ્રવદન દયાશંકર દવે


સ્વ. શ્રી દેવેન્દ્ર દયાશંકર દવે

સ્વ. દયાશંકર હરીપ્રસાદ દવેના પરિવારમાં અમે ચાર ભાઈઓ (૧) સૌથી મોટાભાઈ સ્વ. પૂ. શ્રી મંગુપ્રસાદ દવે (૨) સ્વ. પૂ. ઈન્દ્રવદન દ. દવે (કનુભાઈ) (૩) સ્વ. પૂ. શ્રી દેવેન્દ્ર દ. દવે (બચુભાઈ) (૪) હરીશકુમાર દ. દવે

મારા સૌથી મોટાભાઈ સ્વ. પૂ. શ્રી મંગુપ્રસાદ દ. દવે અમારી પિતાજીની હયાતીમાં અમારા સંયુક્ત કુટુંબને વહીવટ કરતા હતા. વકીલને ત્યાં કામ કરતા હોવાને કારણે તેમનું દરેક કાયદાનું જ્ઞાન ખૂબ સુંદર હોવાથી કુટુંબની મિલ્કતો ખૂબ સુંદર રીતે સાચવી. જ્યારે હું કોમર્સ કોલેજમાં ભણતો હતો ત્યારે તેમની એક ઇચ્છા અને સલાહ હતી કે મારે વકીલ થવું. નાનપણમાં તેમની સાથે રજાઓમાં કોર્ટમાં સાથે લઈ જતા અને નકલ કરવાનું કામ સોંપતા. હું બાકીના સમયમાં તેમની સાથે બેસી તેમની બીજી વ્યક્તિ સાથે વાતચીત કરવાની અને સામેના માણસના મનને જાણવાની સમજ અને સુઝને સમજી વિચારતો. આમ તેમની આ ટ્રેનીંગ તથા સમજ જ્યારે હું સી.એ. પાસ કરી અને નોકરી અને વ્યવસાયમાં જોડાયો ત્યારે ખૂબ જ કામ લાગી.

મારા મોટાભાઈ સ્વ. પૂ. શ્રી ઈન્દ્રવદન દ. દવે અમારા કુટુંબમાં સૌથી પહેલા મેટ્રીક પાસ તેમજ સાયન્સમાં સ્નાતક તરીકે પાસ થયેલ સભ્ય હતા. જે અમારા કુટુંબ માટે ખૂબ જ ગૌરવની વાત હતી. સને ૧૯૬૪ની સાલમાં સ્વ. પૂ. શ્રી મંગુપ્રસાદ દ. દવેનું અચાનક અવસાન થતાં સ્વ. શ્રી ઈન્દ્રવદન દવે ઉપર નાની ઉંમરે કુટુંબની આર્થિક તથા મિલ્કતોની વ્યવસ્થાની જવાબદારી આવી પડી. તેમની આવક તથા સંયુક્ત કુટુંબની આવક ઉપર અમારા મોટા કુટુંબનો નિર્વાહ થતો, તે જવાબદારી તે સમયે સંયુક્ત કુટુંબની હતી. આથી શિક્ષણના અભ્યાસ તથા દિકરીઓના લગ્નની જવાબદારી નિષ્ઠાપૂર્વક સ્વ. શ્રી દેવેન્દ્ર દવેના સાથ સાથે નિભાવી.

સને ૧૯૬૪ની સાલમાં કુટુંબની જવાબદારી તેમજ આર્થિક સ્થિતિની મર્યાદા હોવા છતાં મને ચાર્ટડ એકાઉન્ટન્ટસના અભ્યાસ માટે અમદાવાદ જવાથી વધારાનો આર્થિક બોજ આવશે તેમ જાણતા હોવા છતાં મને મંજુરી આપી. તેમના આ નિર્ણયથી હું મારો ચાર્ટડ એકાઉન્ટન્ટનો અભ્યાસ પૂરો કરી શક્યો. તેમની આ શુભેચ્છા તથા આર્શીવાદથી હું જીવનમાં ખૂબ જ પ્રગતિ કરી શક્યો. જેને માટે હું મારા કુટુંબ તથા મારા બધા જ મોટા ભાઈઓનો જીંદગીભર ઋણી રહીશ.

મારા બીજા મોટાભાઈ સ્વ. પૂ. શ્રી દેવેન્દ્ર દવે પણ સને ૧૯૬૪થી કુટુંબની જવાબદારી નિભાવતા અને સ્વ. શ્રી ઈન્દ્રવદન દવેની પડખે રહ્યા અને ખંતથી જવાબદારી નિભાવી. તેઓ પણ સાયન્સના સ્નાતક હતા. પસંદગીથી શિક્ષકનો વ્યવસાય પસંદ કરેલ. તેઓ આણંદમાં એક ખૂબ જ કુશળ અને લોકપ્રિય ગણિતના શિક્ષક તરીકે ગણાતા હતા. જેના કારણે અમારા કુટુંબને તેમના સંબંધોનો લાભ મળેલ. ભાઈશ્રી કિરીટ તથા શ્રી સ્વ. શૈલેષના અભ્યાસ માટે ખૂબ મહેનત તથા સમય આપેલો. તેમના શિક્ષકના વ્યવસાયને કારણે અમારા કુટુંબમાં તેમને ખૂબ સન્માનપૂર્વક “સાહેબ” તરીકે સંબોધન કરી માન આપતા. મારા સ્કુલના અભ્યાસ દરમ્યાન તેમની પાસેથી ચીવટ, કસર, સુઘડતા તથા ખંતથી કામ કરવાની મને તાલીમ મળી. જે મારા જીવનમાં ખૂબ કામ લાગી. અમારા કુટુંબના બધા સામાજીક તથા વ્યવહારની તમામ જવાબદારી તેમણે સમજદારીથી કુશળતાપૂર્વક નિભાવી હોવાથી કુટુંબના ઘણા સામાજીક પ્રસંગો સુંદર રીતે પાર પડ્યા છે.

આમ સૌથી મોટાભાઈએ મારા કેરીયરની મને દિશા ચિંધી અને બાકીના બંને મોટા ભાઈઓએ તેમાં આગળ વધવાની તક આપી મદદ કરી.

લિ.

**હરીશ દ. દવે – ભારતી હરીશ દવે**

**નીરવ હ. દવે – સ્મૃતિ નીરવ દવે – રિદ્ધિ દવે**

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ.૧૫૫૧/-ના દાતા
## શ્રદ્ધાંજલી



**સ્વ. શ્રી જોગેન્દ્રભાઈ બાપાલાલ જોષી**

**જન્મ. તા. ૦૨-૦૧-૧૯૪૯ સ્વ.તા. ૧૬-૦૧-૨૦૧૬**

મૂળ ઉમરેઠના શ્રી જોગેન્દ્રભાઈ બાપાલાલ જોષી નાનપણથી જ ધર્મભીરૂ તથા શિવભક્ત હતા. તેઓની ઉમરેઠ અર્બન કો.ઓ. બેન્કમાં નોકરીની સાથે સાથે જ્ઞાતિના ઘણા કાર્યોમાં પણ ઉદાર હાથે ફાળો આપતા હતા. તેઓ નિઃસંતાન હોવાથી તેમના પત્ની અને તેઓના સ્વર્ગવાસ બાદ તેમના નાનાભાઈ શ્રી સુરેન્દ્રપ્રસાદ બાપાલાલ જોષીએ તેમની તમામ મિલકત પોતાની પાસે નહીં રાખતા તેને સદમાર્ગે અર્પણ કરેલ છે. ઉમરેઠ બાજખેડાવાળ જ્ઞાતિની વાડી માટે વિવિધ મંદિરો, અન્નક્ષેત્રો વગેરેમાં દાન અર્પણ કરી મોટાભાઈ તથા ભાભીને સાચી શ્રદ્ધાંજલિ આપી છે.

આશરે ૫૦૦ વર્ષે પૂર્વે તેમના કુટુંબની અગિયારમી પેઢીના શ્રી ચંદ્રભાણ જોષીએ કાશીમાં હવન કરાવી સોનાના સિક્કાનું લહાણું કરેલ અને વતન ઉમરેઠમાં જોષી કુવો તથા શ્રી કાશી વિશ્વનાથ મહાદેવ મંદિરનું નિર્માણકાર્ય કરેલ હતું. આ જોષી કુવાની પાણી ઉમરેઠના નગરજનોને આજે પણ પ્રાપ્ત થાય છે. જે સમગ્ર બાજખેડાવાળ જ્ઞાતિ તથ ાતેમના કુટુંબ માટે ગર્વની વાત છે.

આ મહાદેવનું મંદિરનો જિર્ણોધ્ધાર કાર્ય હાલમાં જ પૂર્ણ કરી તે નિમિત્તે તા. ૭-૩-૨૦ના રોજ હોમાત્મક લઘુરૂદ્ર તથા પંચવક્ર પૂજન તેમના કુટુંબીજનોએ કરાવેલ છે. જેમાં તેમના દાદાશ્રી ગંગાશંકર ભાઈશંકર જોષી પરિવારના તમામ સભ્યો, ઉમરેઠ બાજખેડાવાળ જ્ઞાતિના પ્રમુખ શ્રી અજિતભાઈ દવે જ્ઞાતિજનો અને નગરના શિવભક્તોએ ઉત્સાહથી ભાગ લીધો અને પૂજન, હોમ, દર્શન તથા આરતીનો લાભ લીધો હતો. આ સમગ્ર કાર્ય શ્રી ઘનશ્યામભાઈ શુક્લના આચાર્યપદે થયેલ હતું.

આ નિમિત્તે ઉમરેઠ સંતરામ મંદિરના મહંતશ્રી ગણેશદાસજી મહારાજ વિશેષ ઉપસ્થિત રહી આશીર્વચન આપેલ હતા.

## શ્રી બાજખેડાવાળ મંડળ - આણંદ

શ્રી બાજખેડાવાળ અતિથિ ગૃહ, આઝાદ મેદાન, આણંદ. (મો.) ૯૨૬૫૯૦૯૪૯૩

**ટ્યુશન ફી ફંડ ખાતે**

(૧) આણંદના રહીશ બળવંતરાય હરીલાલ દવે (વકીલ)નું ઉ.વર્ષ. ૯૬ દુ:ખદ અવસાન થયેલ છે. તેમની સ્મૃતિમાં તેમના સુપુત્રો ડૉ. મહેન્દ્રરાય, બંકીમભાઈ (વકીલ) તથા મનોજભાઈ દ્વારા રૂ. ૧,૧૧,૧૧૧/-નું ટ્યુશન ફી ફંડ ખાતે દાન મળેલ છે. સામાન્ય રીતે માગવાથી દાન મળતા હોય છે. પરંતુ આ કુટુંબીજનો તરફથી સ્વૈચ્છિક દાન મળેલ છે જેનો સંસ્થા આભાર માને છે.

(૨) મુળ ઉમરેઠના વતની આણંદના રહીશ ચંદ્રગુપ્ત કીરપાશંકર ભટ્ટ (સી. કે. ભટ્ટ)ના પત્ની ડૉ. વનલતાબેન ભટ્ટ તરફથી બાજખેડાવાળ મંડળ આણંદને ટ્યુશન ફી ફંડ ખાતે રૂ. ૫૦૦૦૦/-નું માતબર દાન મળેલ છે. આ પતિ-પત્ની બંને દાતાઓ અવિરત પણે જ્ઞાતિ સમાજની લગભગ દરેક સંસ્થાઓમાં પ્રસંગોચિત દાન આપતા જ હોય છે. સામાન્યત: માગ્યા વગરના દાન તેમની પાસેથી આવતા હોય છે. શ્રી બાજખેડાવાળ મંડળ આણંદ તેઓ પ્રત્યે અહેસાનની લાગણી વ્યક્ત કરે છે અને આ દંપતિ દિર્ઘાયુ જીવે અને આવી ને આવી જ મદદ કરતી રહે તેવી પ્રભુ પ્રાર્થના કરે છે.

**જ્ઞાતિજનો જોગ ખાસ માહિતી**

આપ સૌ જાણો છો તેમ જ્ઞાતિ સમાજ છેલ્લા ઘણા વર્ષોથી શરદોત્સવ અને નૂતનવર્ષ સ્નેહમિલન સમારંભ અવિરત પણે ઉજવે છે પરંતુ ચાલુ સાલે કોરોના મહામારીને કારણે આ પ્રોગ્રામો નહીં યોજવાનું કારોબારી દ્વારા નક્કી થયેલ છે જેની નોંધ લેશો.

**કિરીટકુમાર દવે** — **રાજેશકુમાર દવે**
**પ્રમુખશ્રી** — **મંત્રીશ્રી**
**તથા કારોબારી સભ્યશ્રીઓ શ્રી બાજખેડાવાળ મંડળ, આણંદ**

## સ્વ. છોટાલાલ અનોપરામ વ્યાસ કેળવણી મંડળ, ઉમરેઠ

**સ્વ. છોટાલાલ અનોપરામ વ્યાસ કેળવણી મંડળ ઉમરેઠ તરફથી ઉજવાયેલ 'હિરક મહોત્સવ' તથા 'ઈનામ વિતરણ સમારંભ'**

સ્વ. છોટાલાલ અનોપરામ વ્યાસ કેળવણી મંડળ, ઉમરેઠ તરફથી ઉમરેઠ ગામના બાજખેડાવાળ જ્ઞાતિના ૭૫ વર્ષથી ઉપરના વડીલોનું સન્માન કરવાનો જ્ઞાતિ સમાજનો 'હિરક મહોત્સવ', શૈક્ષણિક ક્ષેત્રે તેજસ્વી તારલાઓને પ્રોત્સાહિત કરવાનો તથા રમતોત્સવમાં અને સાંસ્કૃતિક કાર્યક્રમમાં વિજેતા નીવડેલા બાળકો તથા યુવાનોને ઈનામ વિતરણ કરવાનો સમારંભ તા. ૦૯-૦૨-૨૦૨૦ને રવિવારના રોજ બાજખેડાવાળ હોલ ખાતે રાખવામાં આવેલ. આ સમારંભમાં સમારંભના પ્રમુખ તરીકે શ્રી સુભાષચંદ્ર શેલત (માજી રાજ્યકક્ષાના મંત્રીશ્રી) તથા મુખ્ય મહેમાન તરીકે પ્રો. સી. કે. ભટ્ટ સાહેબ અને અતિથી વિશેષ તરીકે અ.સૌ. હર્ષાબેન કુમુદચંદ્ર શેલત વગેરે મહાનુભાવો હાજર રહેલા હતા.

સમારંભની શરૂઆતમાં સૌ મહાનુભાવોનું પુષ્પગુચ્છથી, શાલ ઓઢાડી તથા મોમેન્ટો આપી સ્વાગત તથા સન્માન કરવામાં આવેલ. સંસ્થાના પ્રમુખ શ્રી જીતેન્દ્ર જોષીએ તેમના પ્રવચનમાં જણાવેલ કે વડીલોની હાજરી એ અમારા માટે આનંદ તથા ગૌરવની વાત છે. તેમણે સર્વે વડીલોનું દીર્ઘાયુ ઈચ્છી તેમનું સ્વાસ્થય સારુ રહે તે માટે પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરેલી. વધુમાં, તેમણે જણાવેલ કે જ્ઞાતિના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને વધુ સારા ઈનામો આપવાનું તથા જરૂરિયાતમંદોને ફી તથા ટ્યુશન ફીમાં મદદ આપવાનું તથા અન્ય બીજી ઘણી સેવાઓ શરૂ કરવાનું સંસ્થાએ વિચારેલ છે. પરંતુ ફંડના અભાવે તે અમલમાં મૂકી શકાતું નથી. તો સર્વે જ્ઞાતિજનોને વિનંતી કરેલ કે તેઓ દાનની ગંગા વહાવી જ્ઞાતિજનોને મદદરૂપ થાય.

આ સમારંભમાં કુલ ૧૦ વડીલ ભાઈઓ તથ ૧બહેનોનું શાલ ઓઢાડી, ફુલહાર આપી સન્માનપત્રથી સત્કાર કરવામાં આવેલ. ત્યારબાદ ૬૫ ટકાથી વધુ ગુણ મેળવનાર ૫ થી ૧૨ ધોરણના ૪૫ વિદ્યાર્થી-વિદ્યાર્થીઓને તથા રમતોત્સવમાં પ્રથમ અને દ્વિતીય આવેલ તેવા ૩૫ બાળકો તથા યુવાનોને ઈનામ વિતરણ કરવામાં આવેલ.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે પધારેલ પ્રો. સી. કે. ભટ્ટ સાહેબે તેમના પ્રાસંગિક પ્રવચનમાં જ્ઞાતિમાં અગાઉ ચાલતા રિવાજો વિશે ઘણી રસપ્રદ માહિતી વિગતે આપેલી. તે જમાનાની આપણી જ્ઞાતિની બહેનો કેટલી ઉત્સાહી અને ગૌરવવંતી હતી, તેનો પણ વિશેષ ઉલ્લેખ કરેલો. ૯૩ વર્ષની જૈફ વયે જ્ઞાતિના પ્રસંગે હાજર રહી તેમણે જે મનનીય પ્રવચન આપેલું તે અવર્ણનીય છે. તેમનો સંસ્થાએ ખાસ દિલથી આભાર વ્યક્ત કરેલો.

આ પ્રસંગે સમારંભના પ્રમુખ શ્રી સુભાષભાઈ શેલતે વધુ જ્ઞાતિજનો સ્પર્ધામાં ભાગ લે, સંસ્કારનો વારસો જાળવી રાખે અને વિદ્યાભ્યાસ સારા ટકા સાથે કરે તેવી ભાવના વ્યક્ત કરેલી અને સંસ્થાની પ્રગતિ માટે શુભેચ્છા પાઠવેલી.

હાજર રહેલ તમામ મહાનુભાવોનો, આમંત્રિતોનો તથા સર્વે સ્પર્ધકો અને હાજર રહેલ જ્ઞાતિજનોનો પ્રમુખ શ્રી જીતેન્દ્ર જોષીએ આભાર માનેલો. વધુમાં નીચે જણાવેલ સર્વે દાતાઓનો પણ અંતઃકરણપૂર્વક આભાર માનવામાં આવેલો તથા આ પ્રસંગે કાર્યકર્તાઓએ કાર્યક્રમને સફળ બનાવવા માટે જે મહેનત કરેલી તે બદલ તેમનો પણ પ્રમુખશ્રીએ ખરા હૃદયથી આભાર માનેલ. કાર્યક્રમ દરમ્યાન નીચે મુજબના દાતાઓએ દાનનો પ્રવાહ વહેવડાવ્યો હતો.

રૂ. ૫૦૦૧/- શ્રી શિરીષભાઈ ભાનુશંકર ઠાકર, રૂ. ૫૦૦૦/- શ્રી હર્ષાબેન કે. શેલત, રૂ. ૨૦૦૦/- શ્રી સી. કે. ભટ્ટ સાહેબ, રૂ. ૫૦૦/- શ્રી કીર્તિબેન પ્રાણશંકર મહેતા રૂ. ૧૬૫૬/- અન્ય જ્ઞાતિજનો તરફથી

આ સમારંભના અંતે ૩૦૦ થી વધુ જ્ઞાતિજનોએ મિષ્ઠાન સાથેનું સ્વાદિષ્ટ ભોજન લઈ સૌ છૂટા પડેલ.

આ સંસ્થા કેળવણી સંસ્થા હોઈ વધુમાં વધુ દાતાઓ દાન આપે તેવી વિનંતી છે. આ અંગે ઉપપ્રમુખશ્રી પ્રવિણભાઈ પી. દવે ભાટવાડા, ઉમરેઠ-૩૮૮૨૨૦ ફોન - ૦૨૬૯૨-૨૭૬૯૦૩ (મો.) ૯૪૨૭૮૫૩૧૨૦ને ક્રોસ એકાઉન્ટ પેઈ ચેક મોકલી આપવા વિનંતી છે. જરૂર જણાય તેમનો રૂબરૂ સંપર્ક પણ થઈ શકશે.

**જીતેન્દ્ર જોષી - પ્રમુખ**

## શ્રી મોરડ બાજખેડાવાળ બ્રહ્મ સમાજ

શ્રી નિલકંઠ મહાદેવ, મુ.પો. મોરડ, તા. પેટલાદ, જી. આણંદ-૩૮૮૧૩૦ (મો.) ૮૮૪૯૭૨૩૦૦૫

### શિવરાત્રિ ઉત્સવ

મોરડ નિલકંઠેશ્વર મહાદેવમાં આ વખતે જ્ઞાતિબંધુઓ દ્વારા લઘુરૂદ્ર હોમાત્મક યજ્ઞ કરવાનું વિચારેલ અને તે વિચાર શ્રી શિવભક્તો એવા એ.ટી.એમ. દાતાઓ સમક્ષ રજૂ કરતાં તુરત જ આનંદથી વધાવી લીધેલ અને તરત જ તેના ખર્ચ પેટે ધનપ્રવાહ શરૂ થયેલ જે દાતાઓ નીચે પ્રમાણે છે.

(૧) રૂ. ૧૦૦૦૧/- શ્રી ડૉ. યોગેશભાઈ યુ. દવે (૨) રૂ. ૫૦૦૧/- શ્રી શંભુપ્રસાદ એમ. દવે (૩) રૂ. ૫૦૦૧/- શ્રી કાન્તીલાલ એમ. ત્રિવેદી (૪) રૂ. ૫૦૦૧/- શ્રી ચંદ્રકાન્ત એ. ત્રિવેદી (પ્રમુખ) (૫) રૂ. ૫૦૦૧/- શ્રી પ્રકાશભાઈ એ. ત્રિવેદી (ઉપપ્રમુખ) (૬) રૂ. ૩૦૦૧/- શ્રી પંકજભાઈ ડી. ત્રિવેદી (૭) રૂ. ૧૧૦૧/- શ્રી પિયુષભાઈ એમ. ત્રિવેદી (૮) રૂ. ૧૧૦૧/- શ્રી શૈલેષભાઈ એમ. ત્રિવેદી (૯) રૂ. ૧૧૦૧/- શ્રી રાકેશભાઈ એ. કોટડીયા (૧૦) રૂ. ૫૦૧/- શ્રી અજયભાઈ પી. ત્રિવેદી (૧૧) રૂ. ૫૦૧/- શ્રી દિલીપભાઈ એસ. ત્રિવેદી (૧૨) રૂ. ૫૦૧/- શ્રી કિરીટભાઈ પી. ત્રિવેદી

પોરડાના શાસ્ત્રી શ્રી મનીષભાઈ દવે દ્વારા અને તેમના ૧૧ ભૂદેવોના સાનિધ્યમાં યજ્ઞ શરૂ કરેલ. તેમાં મુખ્ય યજમાન ભોલે ભક્ત એવા શ્રી ડૉ. યોગેશભાઈ દવે હતા. તેમ જ ૧૧ દંપતિ અને ૧૭ જનોઈધારી યુવાનો બેઠા હતા. સવારે ૯.૦૦ કલાકે શરૂ થયેલ વૈદીક રીતે કરેલ અને શાસ્ત્રીજીએ તેમની સુંદર અને રમૂજી ભાષા દ્વારા તથા પ્રસંગોને અનુરૂપ શિવમય બનેલ હતો.

બીજી બાજુ શિવાલય એટલુ સુંદર-આબેહુબ શણગારેલ કે શ્રી ભોલે બાબાને બહાર જવાનું મન ન થાય. પણ તેમને વર્ષે એક વખત નગરયાત્રા કરવાની હોવાથી તૈયાર થયા. તેમના પ્રિય વસ્ત્રો અને પ્રિય અલંકારો જેવા કે ભસ્મ, સર્પ, ધંતુરો અને અન્ય સુગંધીદાર ફુલોથી શણગાર્યા હતા. જેમ વરરાજાને તૈયાર કરે તેમ તેમજ તેમની શિવપાલખી પણ આબેહુબ શણગારી હતી. બેન્ડવાજાં સાથે શ્રી દિલીપભાઈ મહારાજ અને યુવાનો દ્વારા શ્રી ભોલેબાબાની નગરયાત્રા સવારે ૧૧.૦૦ વાગ્યે શરૂ કરેલ. નગરના દરેક પોતાના ઘરે શ્રી ભોલેની પધરામણી કરાવતા અને આર્શિવાદ માગતા આમ નગરયાત્રા સાંજે ૬.૩૦ વાગ્યે સુધી ચાલી હતી. પછી શ્રી ભોલેજી પોતાના ઘરે શિવાલયમા પરત આવી ગયા. આ બાજુ યજ્ઞની સમાપ્તિ પણ તે સમયે થઈ હતી. ત્યારબાદ શ્રી શિવજીની ડબલ આરતી શ્રદ્ધાપૂર્વક કરી હતી. છેલ્લે મહાપ્રસાદ શકરીયા-બટાકા-છાશનો આનંદ માન્યો તેની સાથે શ્રી શિવજને પ્રિય એવી ભાંગતો ખરી જ. દર વર્ષની જેમ આ વર્ષે પણ ભાંગનું આયોજન શ્રી આકાશભાઈ દવે તરફથી જ હતું.

મોરડના જ્ઞાતિબંધુ કે જે અમેરિકા - લંડન - કેનેડા - કલકતા - અમદાવાદ - નડીયાદ - આણંદ - વિધાનગર - કરમસદ આમ ચારે બાજુએ વસેલા છે અને તેમને જે આપણું મોરડનું ૩૦૦ વર્ષ જુનું નિલકંઠેશ્વર મહાદેવ છે. તે દરેકે-દરેકની મનોકામના પૂર્ણ કરનાર છે.

આ ઈચ્છાપૂર્તિ મહાદેવમાં દરેકની શ્રદ્ધા છે અને હોવી જોઈએ કારણ ગમે ત્યાં હોઈએ પણ માદરે વતન જેવુ તો ન લાગે મહાદેવના મકાનનો બીજો માળ કરવાની ઈચ્છા જ્ઞાતિજનોને જાગૃત થઈ છે અને આ ઈચ્છા પણ શ્રી ભોલે બાબા જરૂર પૂરી કરશે એવુ લાગી પણ રહ્યું છે. છેલ્લે ઈ.સ. ૨૦૦૪થી અમો શ્રી મહાદેવનો વહીવટ કરીએ છીએ અને ત્યારથી ઈચ્છાપૂર્તિ બાબાએ મોરડના બ્રાહ્મણોનું અને શિવાલયનું સરસ પરિવર્તન કરેલ છે. આ બધુ સંપૂર્ણ જ્ઞાતિજનોના સાથ–સહકારથી જ બને છે. તમોએ જે અમારામાં વિશ્વાસ મૂક્યો છે. તેજ અમારી ખરી જ ભક્તિ છે. છેલ્લે જે અમોએ બીજા માળ માટે ટહેલ નાખી છે. તે જરૂરથી વિચારીને સૂચનોપણ મોકલશો.

હવે છેલ્લે જે અમારી યજ્ઞની ઈચ્છાને માન આપીને જેને–જેને તન–મન અને ધનથી મદદ કરી છે. તે બધાનો લેખન દ્વારા હૃદયથી આભાર માનું છું અને જ્યારે જ્યારે આવા કાર્ય માટે જરૂર પડે ત્યારે દરેક રીતે સહકાર આપવા પણ વિનંતી કરૂં છું.

"શિવાલયના બીજા માળ માટે વિચારજો"

| પ્રકાશભાઈ એસ. ત્રિવેદી | ભગવત જી. દવે | ચંદ્રકાન્ત એ. ત્રિવેદી |
|---|---|---|
| ઉપપ્રમુખ | ખજાનચી | પ્રમુખ |

## શ્રી બાજખેડાવાળ બ્રાહ્મણ જ્ઞાતિ સમાજ – સોજીત્રા

### આયોજીત ઈનામ વિતરણ

શ્રી બાજખેડાવાળ જ્ઞાતિ સમાજ – સોજીત્રા દ્વારા તા. ૧૬–૦૨–૨૦૨૦ રવિવારના રોજ તેજસ્વી તારલાઓનું સન્માન ઈનામ વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો. તેમાં સીની. કે.જી. લઈને માસ્ટર ડીગ્રી સુધી અભ્યાસ કરતા વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓને ઈનામ માનવતા અતિથિ વિશેષ મહેમાનો હસ્તે આપવામાં આવ્યા.

શ્રી કનિશા વિઠ્ઠલભાઈ પાઠક (એડી. સીવીલ જજ, આણંદ) તેમણે વિદ્યાર્થીઓને અભ્યાસની સાથે સાથે ઈશ્વર પ્રત્યે શ્રદ્ધા, સતત મહેનત, અભ્યાસમાં લગાવ રાખવો.

### આ કાર્યક્રમમાં માનવતા અતિથિ વિશેષ મહેમાનો

(૧) શ્રી કનિશા વિઠ્ઠલભાઈ પાઠક (એ.ડી. સીવીલ જજ) (૨) શ્રી કે. જે. દવે (એવોર્ડ વિનર શિક્ષક તમિલનાડુ) (૩) શ્રી વિઠ્ઠલભાઈ કનુભાઈ પાઠક (સીટી સીવીલ જજ, અમદાવાદ) (૪) શ્રી ધવલભાઈ પી. દવે (પ્રોફેસર – મોડાસા કોલેજ) (૫) શ્રી કનુભાઈ આર. પાઠક (નિવૃત્ત શિક્ષક – ચેન્નઈ) (૬) શ્રી નિલેશભાઈ કે. દવે (સરપંચ પોરડા ગામ–૨૦ વર્ષથી) (૭) શ્રી ભરતભાઈ સી. પંડ્યા (સી.એ. ચેન્નઈ)

ઉપરોક્ત દરેક અતિથી વિશેષ મહેમાનોએ વિદ્યાર્થીઓને અભ્યાસમાં કઈ રીતે આગળ વધવું તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું.

ઉપરોક્ત કાર્યક્રમના અંતે બાજખેડાવાળ જ્ઞાતિ સમાજ સાથે સ્વરૂચિ ભોજન સાથે લીધું.

સ્મશાનના તથા વાડીના કલર કામ તથા સ્મશાનના રોડ માટે દાન

(૧) ભરતભાઈ ચીમનલાલ પંડ્યા – રૂ. ૨૫૦૦૦/– રોડ તથા કલરકામ (૨) કનુભાઈ રમણલાલ પાઠક – રૂ. ૫૦૦૦/– રોડ તથા કલરકામ (૩) શ્રી કેશુભાઈ જે. દવે રૂ. ૫૦૦૦/– રોડ તથા કલરકામ (૪) ધવલભાઈ પી. દવે રૂ. ૨૧૦૦/– (૫) નરેન્દ્રભાઈ રામચંદ્ર ભટ્ટ રૂ. ૧૦૦૦/– (૬) અંબાજી યાત્રા સંઘ – સોજીત્રા રૂ. ૧૦૦૦/– (૭) સ્વ. મુકુન્દરાય પ્રમોદરાય ભટ્ટ હ. મહેતા સુનીલ એન. રૂ. ૫૦૦/–

ઉપરોક્ત કાર્યક્રમને સફળ બનાવવા સર્વે જ્ઞાતિજનો ખૂબ ખૂબ આભાર સોજીત્રા બાજખેડાવાળ કમિટી આભાર માને છે.

સોજીત્રા બાજખેડાવાળ જ્ઞાતિ સમાજની વાડીના કલર કામ તથા વાડીના રસોડાના મરામત દાન આપવા જ્ઞાતિજનોને વિનંતી. અગાઉ જે જ્ઞાતિજનોએ દાન આપેલ છે. તેમનો ખૂબ ખૂબ આભાર.

**દાન અંગે નોંધ**

સ્વ. ઠાકર સત્યનારાયણ મગનલાલ હસ્તે સ્મિતેશ ઠાકર આણંદ તરફથી રૂ. ૧૧૦૦/– સ્મશાનના રોડ માટે દાન મળેલ છે.

**ડોળીયા બળવંતકુમાર બી.** — **પ્રમુખશ્રી**

**સંદીપ ઠાકર** — **મંત્રીશ્રી**

---

## શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ – અમદાવાદ

શ્રી પ્રાણશંકરભાઈ હોલ, પ્રાણકુંજ સોસાયટી, ભૈરવનાથ રોડ, અમદાવાદ. ફોન – ૨૫૪૩૨૦૪૦

**વિદ્યોતેજક યોજના**

